# અમદાવાદનું હરતું ફરતું 'મંજુબાનું રસોડું': ઝૂંપડપટ્ટીમાં આમંત્રણ આપીને રોજ 700 લોકોને ફ્રીમાં જમાડે છે આ દંપતી, ફૂડ ટ્રક દ્વારા 6 મહિનામાં 1.25 લાખને જમાડ્યા

આનંદ મોદી | અમદાવાદ | 2 કલાક પહેલાં




શેર

- પુત્ર અને પુત્રવધૂએ માતાએ આપેલું ‘કોઈ ભૂખ્યું ન સૂવે’નું સૂત્ર સાર્થક કર્યું
- ઉનાળો હોવાથી છાશ અને આઇસક્રીમ પણ આપે છે

જીવન અંજલિ થાજો! મારું જીવન અંજલિ થાજો!
ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો;
દીનદુ:ખિયાંનાં આંસુ લો’તાં અંતર કદી ન ધરાજો!
કરસનદાસ માણેકની આ કવિતાને અમદાવાદનું કામદાર દંપતી સાર્થક કરી રહ્યું છે.

અમદાવાદમાં શહેરમાં સૌ કોઈએ પોશ વિસ્તારમાં આવેલી ખાણી-પીણી બજારમાં જ ફૂડ ટ્રક જોઈ હશે. જ્યાં લોકો પૈસા ચૂકવીને જમે છે, જ્યારે કામદાર દંપતી દ્વારા ચલાવવામાં આવતું ‘મંજુબાનું રસોડું’ નામની ફૂડ ટ્રક ગરીબ તથા જરૂરિયાતમંદ વ્યક્તિઓની જઠરાગ્નિ ઠારે છે. શહેરના બિઝનેસમેન મયુર કામદાર અને તેમના પત્ની પ્રણાલી કામદારે માતાના જીવન તથા માતાએ આપેલ સૂત્ર પરથી પ્રેરણા મેળવીને ઝૂપડપટ્ટી વિસ્તારમાં ગરીબો માટે ફૂડ ટ્રક શરુ કરી છે. જેમાં રોજ સવાર સાંજ 700 લોકોને વિનામૂલ્યે જમાડવામાં આવે છે. આ ફૂડ ટ્રક દ્વારા છેલ્લા 6 મહિનામાં 1.25 લાખ લોકોની આંતરડી ઠારવામાં આવી છે.


દિવ્ય ભાસ્કર
લોકડાઉનમાં વિઘ્ન આવ્યું, પણ
ડગ્યાં નહીં
4 વર્ષ પહેલાં કરી ફૂડ પેકેટ આપવાની શરૂઆત
લોકડાઉન લાગતાં ફૂડસેવા બંધ કરી
દોઢ વર્ષ બાદ ફરી ફૂડ આપવાનું શરૂ કર્યું

શેર

## બિઝનેસમેનના માતા રોજ ગાડીમાં નીકળી ભૂખ્યાને ભોજન આપતા

એન્જિનિયરિંગ કંપની ચલાવતા મયુર કામદારના માતાનું વર્ષ 2008માં અવસાન થઈ ગયું, પરંતુ માતા મંજુબા જીવ્યા ત્યાં સુધી પોતે સુખી સંપન્ન પરિવારના હોવાથી રોજ ગાડીમાં જઈને રસ્તામાં દેખાતા ગરીબ અને જરૂરિયાતમંદોને જમવાનું આપતા હતા. મયુર કામદારના માતા મંજુબા કહેતા કે કોઈ ભૂખ્યું ના સૂવે, આ સૂત્રને લઈને મંજુબા રોજ અનેક લોકોને જમવાનું આપતા હતા. મંજુબાના અવસાન બાદ તેમના દીકરા તથા પુત્રવધૂને માતાએ આપેલી પ્રેરણા પરથી માતા જે કામ કરતા કરતા હતા તે ચાલુ કરવાનો વિચાર આવ્યો.

**લોકોએ ફૂડ પેકેટ લેવા પડાપડી કરતા નવી રીતે અજમાવી**

મયુર કામદારના અને તેમના પત્ની પ્રણાલી કામદારની કંપનીમાં 200 કર્મચારી છે. આ દંપતી ખુબ જ સારી રીતે તેમનો બિઝને સંભાળી રહ્યા છે. લોકડાઉનના 2 વર્ષ પહેલાથી પ્રણાલી કામદાર રોજ તૈયાર ફૂડ પેકેટ લઈને ગાડીમાં નીકળતા હતા અને રસ્તામાં આવતા જરૂરિયાતમંદ લોકોને ફૂડ પેકેટ આપતા હતા. ત્યાર બાદ લોકડાઉન આવતા આ સેવા બંધ કરવી પડી. દોઢ વર્ષે ફરીથી લોકોને જમવાના પેકેટ આપવાનું શરુ કર્યું હતું ત્યારે તેવું થતું કે અગાઉથી નક્કી ના હોય એટલે જે જગ્યાએ ફૂડ પેકેટ આપવા જતા ત્યાં લોકો લેવા માટે પડાપડી કરતા હતા. ત્યાર બાદ દંપતીએ નવા કોન્સેપ્ટ પ્રમાણે કાયમી લોકોને જમાડી શકાય તે માટેનું પ્લાનિંગ કર્યું. જેમાં તેમને સ્લમ વિસ્તારમાં રહેતા લોકોને શોધીને લાઉડ સ્પીકર પર જાહેરાત કરીને આમંત્રણ પત્રિકા આપવાનું શરુ કર્યું, સાથે સાથે લોકોને કહેવામાં આવતું કે કાલે તમે પરિવાર સાથે જમવા આવજો અને તમારા ઘરે જમવાનું ના બનાવતા.

બીજા દિવસે ફૂડ ટ્રક ત્યાં પહોંચી જાય છે, જેમાં પ્રણાલી કામદાર હમેંશા સાથે રહે છે અને સ્વમાન જળવાય રહે તે રીતે જમવાનું પીરસે છે. કોઈ વ્યક્તિ બીજી વખત આવે તો પણ તેને જમાડવામાં આવે છે. આ અખા પ્રોજેક્ટનું નામ મયુર કામદારના માતાના નામ પરથી મંજુબા'નું રસોડું નામ રાખવામાં આવ્યું છે.




શેર

## કંપનીના કર્મચારીઓ સહિત રોજ બને છે 900 લોકો માટે ભોજન

મયુર કામદારની કંપનીમાં 200 લોકોનું જમવાનું બનાવવામાં આવે છે એટલે રોજ એક સાથે 900 લોકોનું જમવાનું નાવવામાં આવે છે. શહેરના વાડજ ખાતે આવેલા એક બંગલોમાં કેટરિંગની ટીમ છે. આ ટીમ રોજ જમવાનું બનાવે છે.જમવાનું બન્યા બાદ તેની ગુણવત્તા અને સ્વાદની ચકાસણી કરવા 3 વ્યક્તિની ટીમ પણ રાખવામાં આવી છે, આ ટીમ ચકાસીને ફૂડ ટ્રક લોડ કરાવે છે. ફૂડ ટ્રક જે વિસ્તારમાં લઇ જવામાં આવે ત્યાં લોકો શિસ્તબદ્ધ લાઈનમાં રહીને જમવાનું મેળવે છે અને ઘરે જઈને જમે છે.

## જાતે ખરીદીને જમી ન શકે એવી જ વાનગી પીરસે છે

આ રસોડામાં મોટા ભાગે તેવી જ વાનગીઓ પીરસવામાં આવે છે કે જે ગરીબ વ્યક્તિઓ જાતે ખરીદીને ના જમી શકતા હોય. જમવાનો બગાડ ના થાય તે માટે લિમિટેડ વાનગી અને અનલિમિટેડ જમવાનું પીરસવામાં આવે છે. જ્યારે લોકોની સંખ્યા વધુ હોય અને જમવાનું પૂરું થાય ત્યારે ત્યાં જ તાત્કાલિક સામગ્રી લઈને બનાવવામાં આવે છે.


દિવ્ય ભાસ્કર
માતા મંજુબાની પ્રેરણાથી
દંપતીનો સેવાયજ્ઞ
મેં મારાં સાસુનો વારસો જાળવ્યો છે, આ કામથી એટલી ખુશી છે, શબ્દોમાં વ્યક્ત કરી શકતી નથી
પ્રણાલી કામદાર
અત્યારે એક ટ્રક ચાલે છે, 2023 પહેલાં બીજી ટ્રક શરૂ કરવી છે
મયૂર કામદાર

શેર

## 5 યુવક સ્વેચ્છાએ રસોડામાં સેવા આપે છે

મંજુબાના રસોડામાં દંપતી સહીત કેટરિંગની ટીમ તો છે જ સાથે તેમને કોર્પોરેટ કંપનીમાં કામ કરતા 5 યુવક સ્વેચ્છાએ આ રસોડામાં સેવા આપવા તૈયાર થયા છે. જેઓ ગાડીમાં જઈને અગલા દિવસે આમંત્રણ આપે છે તથા જમવાનું ચાલુ હોય ત્યાં વ્યવસ્થામાં ઉભા રહે છે. જ્યારે આ દંપતી કોઈ કારણસર હાજર ના રહી શકે ત્યારે આ 5 યુવકની ટીમ રસોડાની પૂરી જવાબદારી સાંભળી લે છે.

## બહાર હોવ ત્યારે વિચારું કે ક્યારે 10:30 વાગે ને હું જમવાનું પીરસું: પ્રણાલીબેન

પ્રણાલી કામદારે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મેં મારી સાસુનો વારસો જાળવી રાખ્યો છે. ક્યારેક હું બહાર હોવ ત્યારે ઘડિયાળ સામે જોઇને વિચારું કે ક્યારે 10:30 વાગે અને હું રસોડે જઈને જમવાનું પીરસું. હું મારા બિઝનેસમાંથી રોજ સવારે અને સાંજે 2-2 કલાક આ રસોડામાં ફાળવું છું.

## અશક્ત લોકો એપ પર રજિસ્ટ્રેશન કરી ભોજન મગાવી શકે છે

મયુર કામદારે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ કામ કરીને અમને ખૂબ આનંદ મળે છે. અનેક ટ્રસ્ટ કે મંદિર તરફથી જરૂરિયાતમંદોને જમાડવામાં આવે છે, જેમાં લોકોએ સ્થળ પર જવું પડે છે, ક્યારેક કોઈ પીરસનાર ઠપકો આપે છે ત્યારે જમવા જનારની લાગણી દુભાય છે અને માંગીને જમવું પડે છે. જેથી આ સ્થિતિનો સામનો ના કરવો પડે તે માટે અમે અલગ આયોજન કર્યું છે. અહીં દરેક વ્યક્તિને આમંત્રણ આપીને સ્વમાનભેર જમાડવામાં આવે છે. એક એપ્લિકેશન પણ બનાવી છે જેમાં કેટલાક નક્કી કરેલા વિસ્તારમાં રહેતા વૃદ્ધ તથા બહાર ના નીકળી શકતા લોકો રજિસ્ટ્રેશન કરાવે તો તેમને રોજ ઘરે જઈને જમવાનું આપી શકીએ. મારા માતાના કોન્સેપ્ટ કોઈ ભૂખ્યું ના સુવે તે મુજબ અનેક લોકોને જમાડવા છે.